ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે ૫૫ લાખ જેટલી રકમ કલેક્ટર હસ્તક મુકવામાં આવી છે : પ્રદિપસિંહ

## કંથારપુર વડના વિકાસ માટે આર્કિટેકની નિયુક્તી કરાઈ છે : આંતરજ્ઞાતિય લગ્ન પેટે ૧૨ લાખની સહાય ચુકવવામાં આવી છે : રમણલાલ વોરા

**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કરાયેલા ખર્ચ અંગે કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે તા. ૩૧-૫-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં વરદાયિની માતા મંદિર રૂપાલના વિકાસ કામો કરવા માટે તા. ૧-૧૦-૧૨ના રોજ કલેક્ટર ગાંધીનગરને રૂ. ૫૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત પંચદેવ મંદિર ગાંધીનગરને એલ.ઈ.ડી. લાઈટથી કાયમી રોશની માટે તા. ૨૧-૨-૧૩ના રોજ રૂ. ૪,૮૦,૨૯૫નું અનુદાન આપવામાં આવેલ છે.

**● સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય**

ભાજપના શ્રી જિતેન્દ્ર સુખડિયાએ ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય ૨૦૧૩-૧૧૪માં કેટલી અરજીઓ મળી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે જિલ્લામાં ૨૪૧ અરજીઓ મળી હતી.

આ અરજીઓ પૈકી ૨૩૯ અરજીઓ મંજૂર કરી રૂ. ૫,૯૭,૫૦૦ ની સહાય ચુકવવામાં આવી છે તેમજ બે અરજીઓ નામંજૂર કરવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રી વોરાએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

**● આંતરજ્ઞાતિય લગ્નસહાય**

ભાજપના જ શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ મળેલ ૨૦૧૩-૧૪ ની અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું કે તંત્રને ૨૪ અરજીઓ મળી હતી.

આ તમામ અરજીઓ ગ્રાહ્ય રાખીને રૂ. ૧૨ લાખની સહાય ચુકવવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● દહેગામ તાલુકામાં યાત્રાધામ વિકાસ**

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકાના ધાર્મિક સ્થળોનો યાત્રાધામ તરીકે વિકાસ કરવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ ની સ્થિતિએ દહેગામ તાલુકાના કંથારપુર ગામે મહાકાળી માતાના વડ અને તેની આજુબાજુના વિસ્તારના વિકાસનું આયોજન પ્રવાસન નિગમ દ્વારા કરવામાં આવી રહી છે.

આ માટે આર્કિટેકની નિમણુંક પણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત વરદાયિની માતા અને પંચદેવ મંદિર માટે પણ રકમ ફાળવવામાં આવી છે જે અંગેની કામગીરી પ્રગતિમાં છે.

મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે શ્રી હનુમાનજી મંદિર ડભોડાના ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા મળેલ રજુઆત તેમજ બિલોદરા જ્ઞાન સાહેબની જગ્યા (રામજી મંદિર)ની રજુઆત સંદર્ભે ૨૮-૧૦-૧૪ના ઠરાવની જોગવાઈ મુજબ જિલ્લા કલેક્ટર પાસેથી દરખાસ્ત માંગવામાં આવી છે.

**● માણસામાં ન્યાયિક અધિકારી માટે મકાન**

ભાજપના શ્રી અશોક પટેલે માણસા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે મકાનનું બાંધકામ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૩-૧૪ની સ્થિતિએ સરકારે આ માટે મંજૂરી આપી છે. અને આ મકાન માટે ૯૩ લાખ ૮૧ હજારના ખર્ચની મંજૂરી આપવામાં આવેલી છે.

**● કુંવરબાઈનું મામેરૂ**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુ. જાતિના લાભાર્થીઓને કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત અપાયેલ સહાયને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે કુલ ૩૫૫ લાભાર્થીઓને આ યોજના પેટે રૂ. ૩૨.૩૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**● ગણવેશ સહાય**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૩-૧૪ માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની અરજી મળી તેવા પુછેલા એક લેકિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી વોરાએ જણાવ્યું છે કે કુલ ૧,૨૧,૪૮૩ વિદ્યાર્થીઓની અરજી મળી હતી.

આ વિદ્યાર્થીઓને રૂ. ૩,૬૪,૪૪,૯૦૦ની સહાય ચુકવવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● વિદેશ અભ્યાસ લોન**

ભાજપના શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર



ગરમાગરમ ગોટા - ધીમી ધારના વરસાદમાં ગરમગરમ ગોટા કે દાળવડા ખાવાનું મન થઈ જાય એ કુદરતી છે... વરસાદી માહોલ હોય અને તેલમાં તળાતા દાળવડાની સુગંધ હોય એટલે માનવ મન સુગંધની પાસે પહોંચે છે... ગુરૂવારનો આખો દિવસ દાળવડા, ભજીયા, બટાકાવડાના નાસ્તાની લારીઓ સ્વાદ રસિયાઓની ભીડથી ઘેરાયેલી રહી... ગાંધીનગર અને ગાંધીનગરને જોડતા માર્ગો પર વાહનચાલકો ઘડીભર રોકાઈ જઈને ગરમગરમ ગોટાની લહેજત માણવાનું ચુકતા નહોતા.... (તસવીર : કશ્યપ નિમાવત)

# દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના ચેરમેન પદે દિલીપસિંહ ચૌહાણ

### અને મેનેજીંગ ડીરેકટર તરીકે તેજાભાઈ કે. દેસાઈની નિમણુંક



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે આવેલ દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મીટીંગ તા. ૨૩મી જુલાઈ બુધવારે મળી હતી. આ બેઠકમાં નવા નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે મંડળીના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ચેરમેન પદે દિલીપસિંહ આર. ચૌહાણ, વાઈસ ચેરમેનપદે મંગળદાસ કે. પટેલ કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ મીટીંગમાં અન્ય હોદ્દેદારો જેવા કે જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર તરીકે પંકજકુમાર બી. શુકલ, દૂધ સમિતિના ચેરમેન તરીકે શ્રીમતી રેણુકાબેન એલ. પટેલ તેમજ હિસાબ સમિતિના ચેરમેન પદે કે.સી. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ગાંધીનગર વન વિભાગ વિસ્તારમાં ૯.૫૧ લાખ રોપાઓનું વાવેતર થશે

## અત્યાર સુધી ૫.૭૬ લાખ રોપાઓની વાવણી : ૯૯૩.૦૭ હેક્ટર વિસ્તારને આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર વન વિભાગ દ્વારા ૯૯૩.૦૭ હેકટર વિસ્તારમાં રોપાઓના વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આ પૈકી ૬૦૨.૧૬ હેકટર જગ્યામાં ૫,૭૬,૮૬૮ રોપાઓની વાવણી કરી દેવાઈ છે. વરસાદ વિલંબથી પડતા આ વખતે રોપાઓની વાવણીનું કામ પણ મોડેથી શરૂ થયું છે. વનવિભાગ કક્ષાએ કુલ ૯.૫૧૫૫૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

ચાલુ વર્ષ દરમિયાન મેઘમહેર મોડી થતા કૃષિલક્ષી પાકોની વાવણીના કામોમાં પણ વિલંબ થયો છે. જ્યારે વરસાદના વિલંબના લીધે વાવણીની પ્રક્રીયા પ્રભાવિત થઈ છે. ખેતપાકોની સાથે રોપા ઉછેરવાના અભિયાનમાં પણ વિલંબ ઉભો થયો છે. વરસાદ વિલંબે પડતા ગાંધીનગર વનવિભાગના વિસ્તારમાં રોપાઓના વાવેતરની કામગીરીમાં પણ અવરોધ ઉભો થયો જો કે હાલ વરસાદના સંજોગો સાનુકુળ થતા રોપાઓનું વાવેતર પૂરજોશમાં ચાલી રહ્યું છે. વનવિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે ગાંધીનગર વિસ્તાર હેઠળના ૯૯૩.૦૭ હેકટરમાં ૯૫૧૫૩૦ રોપાઓની વાવણીનો ટાર્ગેટ નિયત કરવામાં આવ્યો છે. જ્યારે આ પૈકી ૬૦ ટકા કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરશ્રી ગોવિંદભાઈ પરમારને અકસ્માત નડ્યો છે.
- ગાંધીનગર સચિવાલય સંકુલમાં વિવિધ બ્લોકોની લિફ્ટ પાસે વાહકજન્ય રોગચાળાથી બચવા માટેના પગલાંઓની વિગતો દર્શાવતી પેનલો મુકવામાં આવી છે.
- કોંગ્રેસ પક્ષે આજે પત્રકારોને લાડુ, દાળભાત, શાક, ફુલવડી અને પત્તરવેલીયાનું ભોજન કરાવ્યું હતું.
- ગાંધીનગરમાં ૧ ઓગષ્ટે સ્વરાંજલી કાર્યક્રમમાં ભાગ લેવા ગુજરાતના જાણીતા કલાકારો આવી રહ્યા છે. ઓસમાણ મીર, પ્રફૂલ્લ દવે, બિહારી હેમુ ગઢવી સહિતના લોક-સંગીતના કલાકારો દ્વારા અનોખો કાર્યક્રમ યોજાશે.
- પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ જન્મદિવસ નિમિત્તે ગુરૂવારે સવારે જગન્નાથ મંદિરના દર્શને પહોંચ્યા હતા. દિવસ દરમિયાન અનેક આગેવાનોએ રૂબરૂ મળી બાપાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાવોલ પાસે રેલવે ટ્રેક પર ટ્રેઈનની અડફેટે યુવાનનું મૃત્યુ

## ટ્રેક પાસે બંને બાથ કપાઈ ગયેલી હાલતમાં યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા સે.૭ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામ પાસે રેલ્વે ટ્રેક ઉપર એક અજાણ્યા યુવાનનું ટ્રેઈનની અડફેટે મૃત્યુ થયું હોવાની તથા યુવાનના બંને હાથ કપાઈ ગયેલી હાલતમાં હોવાની જાણ પોલીસને થતા સે-૭ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે અજાણ્યા યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી મૃતક યુવાનની ઓળખ થઈ શકી નથી.

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની સીમમાંથી પસાર થતા રેલ્વે ટ્રેક પાસે આશરે ૪૦ વર્ષના યુવાનનો મૃતદેહ પાડ્યો હોવાની પોલીસને જાણ થઈ હતી. રેલ્વે ટ્રેક

● અનુસંધાન પાન-૭ પર



ચિત્રશાળા - કલ્ચરલ સ્કૂલ ઓફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગમાં ગુરૂવારે સાંજે દુબઈ સ્થિત અને તાજેતરમાં ગાંધીનગર પધારેલા જાણીતા ચિત્રકાર સુગત પ્રિયદર્શીએ ચિત્રની પાયાની વાતો સમજાવી હતી. કલ્પના અને કલ્પનાને આકાર આપવાની કલાને કાગળ પર કંડારવાની અભિવ્યક્તિ વિષે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

# હેલ્પ લાઈનની સર્વિસ માટે ૨.૨૫ કરોડનું બજેટ મંજુર

## હેલ્પ લાઈનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે

## મહિલાઓ માટે તમામ જિલ્લામાં અભયમ હેલ્પલાઈન

ગાંધીનગર, તા.૨૪

મહિલાને મુશ્કેલીના સમયમાં તબીબી, પોલીસ અને કાઉન્સિલરની સહાય મળી તેવા તેના માટે શરૂ થયેલ ૧૮૧ અભયમ હેલ્પલાઈન આગામી સમયમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવશે. અભયમ ઈમરજન્સી હેલ્પલાઈનની સેવા તમામ જિલ્લાઓમાં ઉપલબ્ધ કરાવવા ૨.૨૫ કરોડ રૂા. બજેટની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં મહિલાઓ સાથે થતા અત્યાચારો ઘટાડવા અને મહિલાઓ સ્વમાનભેર રહી શકે તેના માટે રાજ્ય સરકારે થોડા સમય પહેલા અમદાવાદમાં ૧૮૧ અભયમ હેલ્પલાઈન સેવા શરૂ કરી હતી. આ હેલ્પલાઈન અંતર્ગત મહિલાઓને મુશ્કેલીના સમયમાં પોલીસ, કાઉન્સિલર અને તબીબી સહાય ઝડપથી મળી રહે તેવી ખાસ જોગવાઈ કરવામાં આવી હતી. આ હેલ્પલાઈનને સારો પ્રતિસાદ મળતા રાજ્યના મહિલા અને બાળવિકાસ મંત્રાલયે તેને સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓમાં કાર્યરત કરવા જાહેરાત કરી છે. મહિલાઓને અભયમ ઈમરજન્સી હેલ્પલાઈનની સેવા તમામ જિલ્લાઓમાં ઉપલબ્ધ કરાવવા બજેટમાં રૂા. ૨.૨૫ કરોડની જોગવાઈ કરાઈ છે. આગામી સમયમાં અભયમ હેલ્પલાઈન રાજ્યના તમામ જિલ્લાઓમાં ઉપલબ્ધ થશે તો રાજ્યમાં છેવાડે વસતિ મહિલા પણ અત્યાચાર સામે હેલ્પલાઈનની સેવા લઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૫૦ નવી નારી અદાલત સ્થાપવા રૂા. ૧.૨૩ કરોડ ખર્ચાશે. આમ રાજ્યમાં વર્ષ ૨૦૧૪-૧૫ના અંત સુધીમાં કુલ ૧૪૨ નારી અદાલત મહિલાઓને ન્યાય આપવા માટે કાર્યરત થઈ જશે. સાથે-સાથે રાજ્યના મહિલા બાળવિકાસ મંત્રાલય દ્વારા કુપોષણ ઘટાડવા ૧૮૦ દિવસની ઝુંબેશ ચલાવાશે.

# કેશુબાપાને આનંદીબેનની શુભેચ્છા



ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી શ્રી કેશુભાઈ પટેલના આજે ૮૬મા જન્મદિવસે તેમના નિવાસસ્થાને જઈને જન્મદિન શુભેચ્છાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રી આજે સવારે શ્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને જન્મ દિવસની શુભેચ્છા સાથે દીર્ઘાયુ અને સ્વાસ્થ્ય-દ જીવનની મંગલ કામનાઓ પાઠવી હતી.

# રાજ્યમાં ક્રિમીનલ કેસોમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો

## ૨૦૧૩માં ૧૦૪૭૮૧૩ કેસ નોંધાયા : ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૩માં વધારો : ગુજરાતમાં બિહાર કરતાં ૩.૫ ટકા ક્રિમીનલ કેસો વધારે નોંધાયા છે

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં બિહાર કરતાં ૩.૫ ટકા ફોજદારી કેસો વધુ નોંધાયા છે. ગુજરાતમાં ૨૦૧૨માં ક્રિમીનલ કેસની સંખ્યા ૯૮૧૭૦૦ જેટલી હતી. જે વર્ષ ૨૦૧૩માં ૧૦૪૭૮૧૩ નોંધાઈ છે. ગુજરાતમાં ઉત્તરપ્રદેશ કરતા ક્રિમીનલ કેસો છ ટકા વધુ નોંધાયા છે. જુદા-જુદા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં હાલમાં કેસો વધ્યા હોવાનો દાવો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા અને દાણીલીમડા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શૈલેષ પરમારે આજરોજ વિધાનસભામાં ગૃહમાં કાયદા વિભાગની ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં ન્યાયતંત્રને સુદઢ અને વ્યાપક બનાવવા રૂા. ૯૨૧ કરોડની જોગવાઈ કરી છે. તેમાં નવી કોર્ટોની સ્થાપના માટે, કોર્ટ બિલ્ડીંગ બાંધવાના ચાલુ કામો માટે, ન્યાયિક અધિકારીઓના આવાસ બાંધકામ માટે, જુની કોર્ટ બિલ્ડીંગના મકાનો સુધારવા માટે રૂા. ૭૨૯ કરોડની જોગવાઈ કરી છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કેમ્પસના વધુ વિકાસ માટે રૂા. ૩૦ કરોડની જોગવાઈ કરી છે.

રાજ્યમાં પડતર કેસોના નિકાલ માટે ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરેલ છે. કુલ ૪૯૦૦ જગ્યાઓ મંજુર કરેલ છે. રાજ્યમાં વધારાના જિલ્લાઓમાં જિલ્લા ન્યાયાધીશોની ૨૩ કોર્ટ, સિનિયર સિવિલ જજની ૩૪ કોર્ટ, સિવિલ જજની ૪૩ કોર્ટ છે. રાજ્યની કુલ ૭૦૧ કોર્ટોમાં વર્ષ ૨૦૦૫માં પડતર કેસોની સંખ્યા ૩૮.૪૬ લાખ હતી, વર્ષ ૨૦૧૩માં ૨૩.૨૨ લાખ કેસો પડતર છે. ફોજદારી કેસોની સંખ્યા ૧૦.૪૭ લાખ છે. ગુજરાત હાઈકોર્ટમાં લગભગ પડતર રહેલ સિવિલ કેસોની સંખ્યા ૫૨,૯૭૦ છે, ક્રિમીનલ કેસોની સંખ્યા ૨૬,૫૫૯ છે તથા બળાત્કારના કેસોની સંખ્યા ૨૩૦ છે.

# ગુજરાતમાં ૧૦ હજારથી વધુ લોક અદાલત યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં વર્ષ ૨૦૧૩માં કુલ ૧૦,૯૮૯ લોક અદાલતોનું આયોજન થયું, જેમાં કુલ ૪,૧૬,૭૦૭ કેસો નોંધાયા. આ નોંધાયેલા કેસો પૈકી ૨,૨૩,૩૬૧ કેસોનો નિકાલ થયો અને ૧,૯૩,૩૪૬ કેસો પડતર છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૨ અને ૧૩માં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧,૪૦૦ લોક અદાલતોનું આયોજન થયું, જેમાં કુલ ૭,૧૭,૫૩૧ કેસો સામે ૩,૯૭,૫૫૮ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને હાલમાં પણ ૩,૧૯,૯૭૩ કેસો પડતર છે.ફેમીલી કોર્ટો અને ફાસ્ટટ્રેક કોર્ટો વિશે વાત કરતાં શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, દેશમાં ૨૩૫ ફેમીલી કોર્ટો છે. જે પૈકી બિહારમાં ૩૨, આંધ્રપ્રદેશમાં ૨૭, મહારાષ્ટ્રમાં ૨૨, છત્તીસગઢમાં ૧૯ અને ગુજરાતમાં ફક્ત ૧૮ ફેમીલી કોર્ટ છે. આમ ફેમીલી કોર્ટોમાં ગુજરાત પાંચમાં ક્રમે છે. કેસોનો ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવે છે.

જોઈએ છે
LED TV, LCD TV, Colour TV
જુના બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ ● મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com